ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે એક ભયાનક અકસ્માતની ઘટના બની છે. બારાબંકી-હૈદરગઢ રોડ પર હરખ રાજા બજાર નજીક મુસાફરોથી ભરેલી રોડવેઝ બસ પર અચાનક મોટું ઝાડ પડી ગયું. આ દુર્ઘટનામાં ૪ મહિલાઓ સહિત ૫ લોકોના મોત થયા છે, જ્યારે લગભગ કેટલાક લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી અનુસાર ઘાયલોમાંથી બે લોકોની હાલત ગંભીર છે અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. કુદરતી રીતે ઝાડ પડતા બસમાં ભારે અફરાતફરી મચી હતી અને મુસાફરો ગભરાઈને બારીમાંથી બહાર કૂદવા લાગ્યા હતા. ઘટનના કારણે સ્થળ પર રસ્તો બંધ થઈ ગયો અને ટ્રાફિક જામની થયો હતો. પોલીસ અને સરકાર દ્વારા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારે ઈન્કમ ટેક્સ બિલ પાછું ખેંચ્યું, ૧૧ ઓગસ્ટે નવું બિલ આવશે

નવી દિલ્હી,

ચાલુ નાણાકીય વર્ષના બજેટથી ચર્ચામાં રહેલું ઈકમ ટેક્સ બિલ ૨૦૨૫ને આજે લોકસભામાં પાછું ખેંચવામાં આવ્યું છે. આવકવેરાના કાયદાઓના સરળીકરણના ઉદ્દેશ સાથે ઈકમ ટેક્સ બિલ, ૧૯૬૧ના સ્થાને રજૂ કરવામાં આવેલી ઈકમ ટેક્સ બિલ ૨૦૨૫ રદ થયુ છે. તેમાં વધુ સુધારાની જરૂર હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ બિલ માટે બૈજયંત પાંડાના નેતૃત્વ હેઠળ ઘડાયેલી કમિટી હવે નવા સુધારા સાથેનું વર્ઝન ૧૧ ઓગસ્ટના રોજ રજૂ કરશે.

૧૯૬૧ના જુના ઈકમ ટેક્સ એક્ટના સ્થાને નવુ બિલ લાવવાની જોગવાઈ, ૩૧ સભ્યોની કમિટીએ બિલ પર અનેક મહત્ત્વપૂર્ણ ભલામણો આપી કમિટીએ ધાર્મિક- અને અમુક સંસ્થાઓને મળતા ગુપ્ત દાન પર છૂટ રજૂ કરવાની ભલામણ કરી છે. કરદાતાઓએ આઈટીઆર ફાઈલિંગની અંતિમ તારીખ બાદ પણ કોઈ પેનલ્ટી વિના ટીડીએસ રિફંડ ક્લેમ કરવાની મંજૂરી આપતી ભલામણ સરકારના આ નવા બિલમાં એનજીઓને મળતાં ગુપ્ત દાનને ટેક્સમાંથી બાકાત રાખવાની ભલામણ કરવામાં આવી છે. ધાર્મિક ટ્રસ્ટ માટે મળતુ દાન જ ટેક્સમાંથી બાકાત રાખવાની જોગવાઈ કરી છે. જ્યારે આ ધાર્મિક ટ્રસ્ટ હોસ્પિટલ, શાળા અને અન્ય ચેરિટેબલ ગતિવિધિઓનું પણ સંચાલન કરે છે. ત્યારે તેને મળતાં દાન પર ટેક્સ લાગુ થશે. બૈજયંત પાંડાની આગેવાની હેઠળની આ કમિટીની ભલામણોને નવા બિલમાં સમાવવામાં આવે, તો તે વ્યક્તિગત કરદાતાઓ અને બિન-લાભકારી સંસ્થાઓ બંનેને રાહત આપી શકે તેમ હતી. જેમાં કર પ્રણાલીને સરળ બનાવવાની સાથે, આ સૂચનો ભારતની સામાજિક અને ધાર્મિક સંસ્થાઓને નાણાકીય સ્થિરતા પણ પ્રદાન કરવાની જોગવાઈ હતી. પરંતુ તેને પાછું ખેંચી તેમાં વધુ સુધારાની જરૂર હોવાના સંકેતો જણાઈ રહ્યા છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે એકજૂટ થયા અલ્હાબાદ હાઈકોર્ટના ૧૩ જજ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટ અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ પ્રશાંત કુમાર સામે આપેલા આદેશથી ન્યાયતંત્રમાં અગવડતા અને વિરોધનું મોજું ફરી વળ્યું છે. અલ્હાબાદ હાઈકોર્ટના ઓછામાં ઓછા ૧૩ જજોએ ચીફ જસ્ટિસ અરૂણ ભસાલીને પત્ર લખીને આ આદેશ સામે ફુલ કોર્ટ મીટિંગ બોલાવવાની માંગ કરી છે.ચોથી ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ આર. મહાદેવનની બનેલી બેન્ચે એક ફોજદારી કેસમાં ન્યાયાધીશ પ્રશાંત કુમાર દ્વારા આપવામાં આવેલી સુનાવણી અને ચુકાદા પર કડક ટિપ્પણી કરી હતી. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને આદેશ આપ્યો હતો કે, 'જસ્ટિસ કુમારને ફોજદારી કેસોની સુનાવણીથી અલગ કરવામાં આવે. તેમને નિવૃત્તિ સુધી વરિષ્ઠ ન્યાયાધીશ સાથે ડિવિઝન બેન્ચમાં બેસવાની વ્યવસ્થા કરવામાં આવે.'જસ્ટિસ અરિંદમ સિંહાએ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને એક ઔપચારિક પત્ર લખીને સુપ્રીમ કોર્ટના આદેશ પર ઊંડો આઘાત અને વ્યથા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, 'ચોથી ઓગસ્ટનો આદેશ કોઈપણ સૂચના જારી કર્યા વિના પસાર કરવામાં આવ્યો હતો અને ન્યાયાધીશ પ્રશાંત કુમાર સામે ગંભીર ટિપ્પણીઓ કરવામાં આવી હતી.'જસ્ટિસ સિંહાએ સૂચન કર્યું કે, 'ફુલ કોર્ટે નક્કી કરવું જોઈએ કે તે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરશે નહીં કારણ કે સુપ્રીમ કોર્ટનું હાઈકોર્ટની વહીવટી કાર્યવાહી પર કોઈ નિયંત્રણ નથી.' તેમણે એવો પણ પ્રસ્તાવ મૂક્યો કે કોર્ટે આદેશની ભાષા અને સ્વર પર પણ પોતાની નારાજગી નોંધાવવી જોઈએ.અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટના કેટલાક વરિષ્ઠ ન્યાયાધીશોએ પણ જસ્ટિસ પારડીવાલાની બેન્ચ દ્વારા જાહેર કરાયેલા નિર્દેશો સાથે પોતાનો અસંમતિ વ્યક્ત કરી છે. ખાસ વાત એ છે કે સુપ્રીમ કોર્ટે જસ્ટિસ પ્રશાંત કુમાર સંબંધિત કેસને ફરીથી સૂચિબદ્ધ કર્યો છે.આ કેસ ખાનગી કંપની મેસર્સ શિખર કેમિકલ્સ દ્વારા દાખલ કરાયેલી ફોજદારી ફરિયાદ સાથે સંબંધિત છે.

કેન્દ્રીય મંત્રીમંડળે ૫૨,૬૬૭ કરોડ રૂપિયાના પેકેજને મંજૂરી આપી

નવી દિલ્હી,

શુક્રવારે કેન્દ્રીય મંત્રીમંડળે ૫૨,૬૬૭ કરોડ રૂપિયાના પેકેજને મંજૂરી આપી, જે અંતર્ગત શિક્ષણ, એલપીજી માળખાગત સુવિધાઓ અને પૂર્વોત્તર રાજ્યોના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે કેન્દ્રીય મંત્રીમંડળે ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓને મજબૂત બનાવવા માટે ૪,૨૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તેમણે કહ્યું કે મંત્રીમંડળે ૨૦૨૫-૨૬ માટે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ ૧૨,૦૬૦ કરોડ રૂપિયાની સબસિડીને મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રીમંડળે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ માટે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની એલપીજી સબસિડીને મંજૂરી આપી છે. આનાથી એલપીજીના ભાવમાં વધારો થશે નહીં. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આસામ અને ત્રિપુરાના ઉત્તરપૂર્વીય રાજ્યો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ બે રાજ્યો માટે ૪૨૫૦ કરોડ રૂપિયાના વિશેષ વિકાસ પેકેજને મંજૂરી આપવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે

મોદી કેબિનેટની બેઠકમાં લેવાયા ૫ મોટા નિર્ણયો

જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાને વૈશ્વિક સ્તરે સમાવેશી વિકાસ માટે માન્યતા આપવામાં આવી છે. પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાનો ઉદ્દેશ્ય લોકોના જીવનમાં પરિવર્તન લાવવાનો છે. અત્યાર સુધીમાં ૧૦.૩૩ કરોડ ઉજ્જ્વલા જોડાણો આપવામાં આવ્યા છે. કેબિનેટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પીએમ ઉજ્જ્વલા લાભાર્થીઓ માટે રૂ. ૧૨,૦૬૦ કરોડની સહાયને મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રીમંડળે રૂ. ૩૦,૦૦૦ કરોડની સબસિડીને મંજૂરી આપી છે જેથી મધ્યમ વર્ગના લોકોને સસ્તા ભાવે એલપીજી ગેસ મળી શકે. વર્તમાન વૈશ્વિક રાજકારણને કારણે ગેસના ભાવમાં વધઘટ થાય છે અને આને ધ્યાનમાં રાખીને સબસિડી આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, આંતરરાષ્ટ્રીય બજારમાં એલપીજીના ભાવ ઊંચા રહ્યા પરંતુ સરકારે ગ્રાહકો પર ભાવનો બોજ ન પડે તે માટે તેને સ્થિર રાખ્યા. આના કારણે આઈઓસીએલ, બીપીસીએલ અને એચપીસીએલને ભારે નાણાકીય નુકસાન થયું. તેમ છતાં આ કંપનીઓએ દેશભરમાં કોઈ પણ વિક્ષેપ વિના સ્થાનિક એલપીજી સપ્લાય કરવાનું ચાલુ રાખ્યું.

પેરાસિટામોલ સહિત ૩૭ દવાના ભાવ સરકારે નક્કી કર્યા

નવી દિલ્હી,

એન્ટીબાયોટિક અને પેન કિલર દવાઓ પર હવે કંપનીઓ મનમાની રીતે કિંમત વસૂલી શકશે નહીં. કેન્દ્ર સરકારે તેના માટે કિંમત નક્કી કરી દીધી છે. કેન્દ્ર સરકારે ઈમરજન્સી ઉપયોગની ચાર દવાઓ અને ૩૭ એન્ટીબાયોટિક અને દુખાવા દૂર કરતી દવાઓની કિંમત નક્કી કરી દીધી છે. એટલે કે તેનાથી વધારે કિંમત પર તેને હવે કોઈ કેમિસ્ટ વેચી શકશે નહીં. આ કિંમતો રાષ્ટ્રીય ઔષધિ મૂલ્ય નિર્ધારણ પ્રાધિકરણ દ્વારા નક્કી કરી છે. આ દવાઓમાં મુખ્યત્વે ઈંફેક્શન, હાર્ટ ડિઝીઝ, ડાયાબિટીઝ, વિટામિન અને પેનકિલર સામેલ છે.

એનપીપીએએ જણાવ્યું છે કે બ્રાન્ડેડ હોય કે જનેરિક, બંને પ્રકારની દવાઓને સીલિંગ પ્રાઈસ (જીએસટી સહિત) કરતા વધુ કિંમતે વેચતી ઉત્પાદક કંપનીઓએ સુધારો કરવો પડશે. આ દવાઓની કિંમત સીલિંગ પ્રાઈસ કરતા વધુ ન હોવી જોઈએ. જો કે, એનપીપીએએ કહ્યું કે જેમના મેક્સિમમ રિટેલ પ્રાઈસ (એમઆરપી) સીલિંગ પ્રાઈસ કરતા ઓછી છે, તેઓ હાલની એમઆરપી જાળવી રાખશે. આ ઈમરજન્સી ઉપયોગની દવાઓમાં ઈપ્રાટ્રોપિયમનો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝથી પીડિત લોકોમાં થાય છે. આ દવા શ્વાસ સંબંધિત બીમારીઓમાં ઉપયોગમાં લેવાય છે. આ દવા ખાંસી અને છાતીમાં જકડણ અટકાવવા માટે પણ ઉપયોગમાં લેવાય છે.

શ્વાસ સંબંધિત બીમારીઓમાં ઉપયોગમાં લેવાતી દવા ઈપ્રાટ્રોપિયમનો સીલિંગ પ્રાઈસ ૨.૯૬ રૂપિયા પ્રતિ મિલીલીટર નક્કી કરવામાં આવ્યો હતો. આ જ રીતે હાઈ બ્લડ પ્રેશરની ઈમરજન્સી સ્થિતિમાં અથવા તેને કંટ્રોલ કરવા માટે અથવા હાર્ટ ફેલ અને સર્જરી દરમિયાન રક્તસ્રાવ ઘટાડવા માટે સોડિયમ નાઈટ્રોપ્રસાઈડનો ઉપયોગ થાય છે. તેની કિંમત ૨૮.૯૯ રૂપિયા પ્રતિ મિલીલીટર નક્કી કરવામાં આવી હતી. હાઈ બ્લડ પ્રેશર અને છાતીમાં દુખાવાના ઈલાજ માટે ડિલ્ટિયાઝેમનો ઉપયોગ થાય છે, જેની કિંમત ૨૬.૭૨ રૂપિયા પ્રતિ કેપ્સૂલ નક્કી કરવામાં આવી હતી. આ ઉપરાંત, પોવિડોન આયોડિનની કિંમત ૬.૨૬ રૂપિયા પ્રતિ ગ્રામ નક્કી કરવામાં આવી હતી, જેનો ઉપયોગ સર્જરી પહેલા અને પછી ત્વચા જંતુમુક્ત કરવા અને નાની ઈજાઓની સંભાળ માટે થાય છે. જે દવાઓની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે તેમાં પેરાસિટામોલ, એટોરવાસ્ટેટિન, એમોક્સિસિલિન અને મેટફોર્મિનનો સમાવેશ થાય છે.

CHAVDA SUPERMALL
BIG SALE
લેડીઝ જેન્ટ્સ ફુટવેર
પાર્ટીવેર,ઓફિસવેર,કેઝ્યુઅલ ફૂટવેર
Upto 70%
Sunday open
સુપરમોલ, લાલ બંગલાની બાજુમાં, સીજી રોડ, અમદાવાદ. Tel : 079-26446443

રક્ષાબંધન નિમિત્તે
કાજુની અવનવી આઇટમો, વિવિધ માવાની ૧૦૦% શુધ્ધ ઘીની મિઠાઇઓ
ચોખ્ખા ઘી તથા શુદ્ધ સીંગતેલના તીખા-મોળા-ગળ્યા ખાજા
જયહિંદ સ્વીટ્સ
માણેકચોક, ફોનઃ- ૨૨૧૪૦૭૧૪
શિવાલીક પ્લાઝા, IIM રોડ, આંબાવાડી. ફોનઃ- ૨૬૩૦૯૩૯૩
સ્ટેડીયમરોડ, નવરંગપુરા, ફોનઃ- ૨૬૪૬૮૬૮૬
પ્યોર વેજીટેરીયન કેક / પેસ્ટ્રી

દિવાળી વેકેશનના પ્રવાસો LTC માન્ય બસ / રેલ્વે / ફ્લાઈટ
સ્પે.નેપાળ પુલ્હાશ્રમ Aug. 25
સ્પે.કેરાલા મુન્નાર-થેકડી
દ.ભારત ક.કુમારી-રામેશ્વરમ
કાશ્મીર ગુલમર્ગ-વૈષ્ણોદેવી
હિમાચલ સિમલા-મનાલી-ડેલ.
ઉત્તરાખંડ નૈનીતાલ-કોર્બેટ-મસુરી
સિક્કીમ દાર્જીલીંગ-ગંગટોક
રાજસ્થાન જેસલમેર-જોધપુર-ડેઝર્ટ
ચંપારણ્ય જ.પુરી-કલકત્તા-ગંગાસાગર
પંચમઢી કાન્હા-જબલપુર
ગોવા મહાબળેશ્વર-લોનાવાલા
ઉજ્જૈન શ્રાવણ માસ (દર શુક્રવારે)
જરાવાલા ટુરીઝમ
હોટેલ-સાઈટસીન-ગુજરાતી-પંજાબી ફુડ
અમદાવાદઃ હાઈટેક બિલ્ડીંગ, મ્યુઝીયમની સામે, પાલડી.
M. 94087 77333, 94267 55909, 94276 06930



AKSHAR SUZUKI
: akshar4949 | :aksharkrupa@outlook.com
CTM : SW - Shubh Arcade, Shop No.1, OPP. BRTS Bus Stop, CTM Cross Road, Ahmedabad-26. Mo. : 81540 94949 / 72010 04949
NAROL : SW - 101, Tirupati Estate, Opp. Swastik Bansshidhar, N.H.8, Narol, Ahmedabad-382443 Mo. : 76005 67005
BAREJA : SW - NH.-8, Besides Mileage Petroleum (Indian Oil), Nr. APMC Market, Bareja, Ahmedabad Mo. : 98984 11248
CTM : WS - Nathalal Estate, Opp. Jalaram Party Plot, Jasodanagar Highway Road, Ahmedabad. Mo. : 81560 94949

ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફે હવે ગોલ્ડ માર્કેટ હચમચાવ્યું

નવી દિલ્હી,

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગોલ્ડ બાર પર ટેરિફ લાદવાનો નિર્ણય જાહેર કરતાં કિંમતી ધાતુના ભાવમાં આકર્ષક ઉછાળો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ગોલ્ડ ફ્યુચર્સ રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. જ્યારે સ્થાનિક બજારમાં પણ સોનું ૧,૦૪,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ સપાટી કુદાવી ગયું છે. ચાંદી પણ રૂ. ૧,૧૬,૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહી છે.

અમેરિકી મીડિયા અનુસાર, યુએસ કસ્ટમ્સે ૧ કિગ્રા અને ૧૦૦ ઔંસના ગોલ્ડ બારને ટેરિફ કેટેગરીમાં સામેલ કર્યા છે. આ નિર્ણય ખાસ કરીને સ્વિટ્ઝરલેન્ડ જેવા દેશોને પ્રભાવિત કરશે. જે વિશ્વમાં સૌથી ટોચનું ગોલ્ડ રિફાઈનિંગ હબ છે. સ્વિટ્ઝરલેન્ડે છેલ્લા એક વર્ષમાં અમેરિકામાં ૬૧.૫ અબજ ડોલરના સોનાની નિકાસ કરી હતી. ટ્રમ્પના આ પગલાંથી બેક્ર સેટલમેન્ટ અને ગોલ્ડ ટ્રેડમાં મુશ્કેલીઓ આવી શકે છે. જેના લીધે વૈશ્વિક બજારોમાં સોનાના ભાવોમાં તેજી જોવા મળી હતી.

અમદાવાદમાં આજે સોનાનો ભાવ રૂ. ૮૦૦ ઉછળી રૂ. ૧,૦૪,૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યા હતા. જ્યારે ચાંદી રૂ. ૧,૧૬,૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહી હતી. તહેવારોની આવતીકાલથી શરૂ થઈ રહેલી સીઝનમાં કિંમતી ધાતુના ભાવ રેકોર્ડ ટોચે નોંધાતા સ્થાનિક બજારમાં ઘરાકીનો અભાવ જોવા મળ્યો છે. વૈશ્વિક પરિબળોના પગલે સોના-ચાંદી હજી નવી રેકોર્ડ સપાટી નોંધાવે તેવી શક્યતા સાથે પ્રોફિટ બુકિંગ વધી શકે છે.

ટ્રમ્પના વિવિધ દેશો પર ટેરિફ બોમ્બના કારણે મોંઘવારી વધવાની ભીતિ સર્જાઈ છે. ડોલર નબળો પડ્યો છે. ફેડના વ્યાજ દરો ઘટવાની અપેક્ષા વચ્ચે રોકાણકારો સેફ હેવન તરફ ડાયવર્ટ થયા છે. જેના લીધે સોનાના ભાવ રેકોર્ડ સ્તરે વધી રહ્યા છે. રોકાણકારો માટે આ એક મજબૂત સેફ હેવન સાબિત થઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે સ્પોટ ગોલ્ડ આજે ૨૯.૩૦ ડોલર ઉછળી ૩૪૮૩.૫૦ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું છે. જ્યારે સિલ્વર ૦.૩૧૧ ડોલર વધી ૩૮.૬૦ ડોલર પ્રતિ ઔંસ પર ક્વોટ થઈ રહી છે. વર્તમાન પરિબળોને ધ્યાનમાં લેતાં આગામી સમયમાં સોના-ચાંદીના ભાવમાં વધુ ઉછાળો નોંધાય તેવી શક્યતા છે. કોમોડિટી નિષ્ણાતોના મતે, ટૂંકા ગાળા માટે સોનાનો ભાવ રૂ. ૧૦,૦૦૦ સુધી વધી શકે છે. ચાંદીમાં પણ ભાવ વધવાની વકી છે.

એશિયા કપ માટે અફઘાનિસ્તાને તેની ટીમ જાહેર કરી દીધી

દુબઈ,

યુનાઈટેડ આરબ અમિરાતના વિવિધ સ્થળે યોજાનારી એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે અફઘાનિસ્તાને તેની ૨૨ સંભવિતોની યાદી જાહેર કરી દીધી હતી જેમાં સ્ટાર સ્પિનર રાશીદ ખાનને પણ સામેલ કરવામાં આવ્યો હતો. આ અંગે અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે બુધવારે જાહેર કર્યું હતું કે તેમને રાશીદ ખાનના ફોર્મની ચિંતા નથી અને અમને તેની ઉપર ભરોસો છે કે એશિયા કપ વખતે તે તેના ઓરિજિનલ ફોર્મમાં આવી જશે.આ વખતની એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટની યજમાની ભારતીય ક્રિકેટ બોર્ડ કરી રહ્યું છે પરંતુ તેનું આયોજન નવમીથી ૨૮મી સપ્ટેમ્બર દરમિયાન યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ) ખાતે થનારું છે. ભારત અને પાકિસ્તાન એકમેકના મેદાનો પર રમવાને બદલે તટસ્થ કેન્દ્ર પર રમવાનું પસંદ કરે છે તે બાબતને ધ્યાનમાં રાખીને યુએઈની પસંદગી કરવામાં આવી છે.અગાઉ રાશીદ ખાને ભારતમાં યોજાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં કંગાળ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને અમેરિકામાં મેજર લીગ ક્રિકેટ (એમએલસી)માં મુંબઈ ન્યૂયોર્ક માટે નહીં રમવાનું પસંદ કર્યું હતું. આ વખતની આઈપીએલમાં તે ગુજરાત ટાઈટન્સ માટે રમ્યો હતો જેમાં તેણે ૯.૩૪ના ઈકોનોમી રેટ અને ૫૭.૧૧ની સરેરાશથી માત્ર નવ વિકેટ ઝડપી હતી. અફઘાનિસ્તાનની ટીમના પસંદગી સમિતિના સદસ્ય મિર મુબારિઝે જણાવ્યું હતું કે રાશીદ ખાન અફઘાનિસ્તાનનો સુપર સ્ટાર ક્રિકેટર છે. તેણે ટીમ માટે હંમેશાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તે ફોર્મમાં હોય કે ના હોય તે બાબત રમતનો એક ભાગ છે પરંતુ કેવી રીતે પુનરાગમન કરવું તે રાશીદ સારી રીતે જાણે છે.

ભારતમાં ચાલશે ૧૩૫ સીટર બસ : કેન્દ્રીય પરિવહન મંત્રી

આ ફ્લેશ ચાર્જિંગ બસ હશે, જે કોસ્ટ મામલે મેટ્રો કરતાં સસ્તી હશે અને તેમાં લકઝરી સુવિધાઓ ઉપલબ્ધ થશે

નવી દિલ્હી,

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ દેશમાં જાહેર પરિવહનમાં એક મોટો ફેરફાર કરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, ભારતમાં ટૂંકસમયમાં ૧૩૫ સીટર બસ શરૂ કરવામાં આવશે. જેમાં વિમાન જેવી સુવિધાઓ મળશે. સરકાર આ ક્ષેત્રે ઈનોવેશન પર કામ કરી રહી છે.

નીતિન ગડકરીએ ભારતીય પરિવહન ક્ષેત્રે થયેલા મોટા ફેરફારો પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે, જાહેર પરિવહનમાં મેટ્રો મહત્ત્વની ભૂમિકા નિભાવી રહી છે. પરંતુ હવે સરકારની તૈયારી ૧૩૫ સીટર બસ શરૂ કરવાની છે. આ ફ્લેશ ચાર્જિંગ બસ હશે. જે કોસ્ટ મામલે મેટ્રો કરતાં સસ્તી હશે. અને તેમાં લકઝરી સુવિધાઓ ઉપલબ્ધ થશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, આ બસનો પાયલટ પ્રોજેક્ટ સૌ પ્રથમ મહારાષ્ટ્રના નાગપુરમાં શરૂ કરાશે. ત્યારબાદ દિલ્હી-મુંબઈ સહિત દેશના અન્ય શહેરોમાં પણ બસ સેવા શરૂ કરવામાં આવશે.

મેટ્રોનો ખર્ચ રૂ. ૪૫૦ કરોડ પ્રતિ કિમી છે. જ્યારે બસનો ખર્ચ રૂ. ૨ કરોડ પ્રતિ કિમી છે. આ ફ્લેશ ચાર્જિંગ બસનો ખર્ચ ઓછો હોવાથી તેની ટિકિટ ડિઝલ બસની તુલનાએ ૩૦ ટકા સસ્તી હશે. એસી અને એક્ઝિક્યુટીવ સીટથી સજ્જ આ બસમાં વિમાનની જેમ ખાણી-પીણીની સુવિધાનો સામાન મળશે. દિલ્હીથી જયપુર, દહેરાદૂન અને ચેન્નઈથી બેંગ્લુરૂમાં આ બસ સેવા શરૂ કરાશે.

જાહેર પરિવહનમાં મોટા ફેરફારો વિશે જણાવતાં ગડકરીએ કહ્યું કે, અમે ૩૬૦ રોપવે કેબલ કાર બનાવવા પર કામ કરી રહ્યા છે. તદુપરાંત અમે હાઈડ્રોજન ફ્યુલ સંબંધિત ૧૦ પ્રોજેક્ટ શરૂ કર્યા છે. જે હેઠળ ટાટાએ હાઈડ્રોજન ફ્યુલ પર ચાલતી ટ્રક પણ બનાવી છે. ગ્રીન હાઈડ્રોજન બનાવવાથી માંડી તેના પર સંચાલિત વાહનોના નિર્માણ કામો સમાવિષ્ટ છે. જેની સીધી અસર આગામી સમયમાં પરિવહનને નવા શિખરો પર પહોંચાડશે.

નીતિન ગડકરીએ જણાવ્યું કે, અમે પરિવહન ક્ષેત્રે ૪૦ હજાર કરોડના નવા કામ કરી રહ્યા છે. અમે અનેક લક્ષ્યાંકો અમલમાં મૂક્યા છે. અમે રોડ બનાવવાની ક્ષમતામાં પણ વધારો કરી રહ્યા છે. આગામી સમયમાં ૧૦૦ કિમી રોડ પ્રતિ દિવસની ક્ષમતાએ બનાવીશું. દરવર્ષે રૂ. ૨.૫ લાખ કરોડના કામકાજ થઈ રહ્યા છે. હજી રૂ. ૧૦ લાખ કરોડનું કામ બાકી છે. રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક રૂપિયાનો ખર્ચ સામે રૂ.૩ની આવક થાય છે. લોજિસ્ટિક ખર્ચ પણ ઘટ્યો છે. જે પહેલાં ૧૬ ટકા હતો, તે હાલ ૬ ટકા ઘટી ૧૦ ટકા થયો છે.

પાકિસ્તાનના ક્રિકેટરની ઇંગ્લેન્ડમાં બળાત્કારના આરોપમાં ધરપકડ

માન્ચેસ્ટર,

પાકિસ્તાન ક્રિકેટ અને વિવાદોનો ખૂબ જૂનો સંબંધ છે. ક્યારેક ત્યાંના ખેલાડીઓ મેચ ફિક્સિંગમાં પકડાય છે તો ક્યારેક તેઓ બોલ સાથે છેડછાડ કરતા જોવા મળે છે. હવે ત્યાંના એક ક્રિકેટરની ઈંગ્લેન્ડમાં બળાત્કારના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. બેટ્સમેન હૈદર અલીની ધરપકડ બાદ પાકિસ્તાન ક્રિકેટ એક નવા વિવાદમાં ફસાઈ ગયું છે. આ ઘટના પાકિસ્તાન શાહીનના યુનાઈટેડ કિંગડમના ચાલી રહેલા પ્રવાસ દરમિયાન બની હતી.

૨૪ વર્ષીય હૈદર એ ટીમનો સભ્ય છે. આ ઘટના બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ તેને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરી દીધો છે. ગ્રેટર માન્ચેસ્ટર પોલીસે બળાત્કારનો રિપોર્ટ મળ્યાની પુષ્ટિ કરી છે. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે ૨૪ વર્ષીય એક વ્યક્તિની ધરપકડ કરી છે. એવો આરોપ છે કે આ ઘટના ૨૩ જુલાઈ ૨૦૨૫ ના રોજ માન્ચેસ્ટરના એક સંકુલમાં બની હતી. વધુ પૂછપરછ માટે આ વ્યક્તિને જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે.

ઈંગ્લેન્ડમાં પોલીસ સામાન્ય રીતે તપાસના આ તબક્કે શંકાસ્પદોના નામ આપતી નથી. ટેલિકોમ એશિયા સ્પોર્ટ્સ અનુસાર, હૈદરને બેકનહામ ગ્રાઉન્ડ પરથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યાં શાહીન સ્ઝ્રજીછઝ સામે રમી રહ્યો હતો. એક સૂત્રએ જણાવ્યું હતું કે, ×આ એક પાકિસ્તાની મૂળની યુવતી પર બળાત્કારનો કેસ છે.× પોલીસે હૈદરને જામીન પર મુક્ત કરતા પહેલા તેનો પાસપોર્ટ જપ્ત કર્યો હતો.

PCBના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમને આ બાબત અને તપાસ વિશે જાણ કરવામાં આવી છે. તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી અમે હૈદરને સસ્પેન્ડ કરી દીધો છે અને અમે યુકેમાં અમારી પોતાની તપાસ કરીશું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બોર્ડ કાયદાકીય પ્રક્રિયામાં સંપૂર્ણ સહયોગ કરશે અને હૈદરને કાયદાકીય સહાય પૂરી પાડશે.

શાહીનનો યુકે પ્રવાસ ૧૭ જુલાઈથી ૬ ઓગસ્ટ સુધી ચાલ્યો હતો, જેમાં બે ત્રણ દિવસીય મેચ ડ્રો રહી હતી અને વન-ડે શ્રેણીમાં એક જીત (૨-૧) રહી હતી. કેપ્ટન સઈદ શકીલ અને હૈદર સિવાય મોટાભાગના ખેલાડીઓ સ્વદેશ પરત ફર્યા છે.

૪ મહિલાની લવ ટ્રેપમાં ફસાઈને વૃદ્ધે ગુમાવ્યા ૯ કરોડ રૂપિયા

મુંબઈ,

સોશિયલ મીડિયા પર થયેલી એક અજાણી મિત્રતાએ મુંબઈના ૮૦ વર્ષના એક વૃદ્ધનું જીવન રમણભમણ કરી દીધું છે. પ્રેમ, સહાનુભૂતિ અને ખોટી મજબૂરીઓના નામે, એક વૃદ્ધ પુરુષ સાથે લગભગ ૮.૭ કરોડની છેતરપિંડી કરવામાં આવી હતી અને તે પણ ૨૧ મહિનામાં ૭૩૪ વ્યવહારો દ્વારા. મહારાષ્ટ્રના મુંબઈમાં એક ૮૦ વર્ષીય વૃદ્ધ પુરુષે ભાગ્યે જ વિચાર્યું હશે કે ઓનલાઈન પ્રેમ શોધવો આટલો મોંઘો પડી શકે છે. આ માણસે ૨૧ મહિનામાં એક પછી એક, ત્રીજી અને પછી ચોથી મહિલાના ફાંદામાં ફસાઈને પોતાની આખી જિંદગીની લગભગ ૯ કરોડની બચત ગુમાવી દીધી. આ પછી, વૃદ્ધ પુરુષ સમજી ગયો કે તેને પ્રેમના નામે છેતરવામાં આવ્યો છે. આ પછી, તેણે પોલીસનો સંપર્ક કર્યો અને તેમને તેની આખી છેતરપિંડી વિશે જણાવ્યું. સાયબર પોલીસે કેસ નોંધીને છેતરપિંડીના આ કેસની તપાસ શરૂ કરી છે.

ડીએફસીસીઆઈએલ (રેલ્વેનું)એ અત્યાધુનિક ઓપરેશન્સ કમાન્ડ સેન્ટર અને ન્યૂ સાણંદ કનેક્ટિવિટીનું પ્રદર્શન કર્યું

અમદાવાદ,

રેલ્વે મંત્રાલય હેઠળના જાહેર ક્ષેત્રના ઉપક્રમ, ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (DFCCIL) એ તેના અમદાવાદ યુનિટ હેઠળના કામોના સંપૂર્ણ કમિશનિંગની જાહેરાત કરી છે, જે સ્વતંત્રતા બાદના ભારતના સૌથી મોટા રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે.

ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૧,૫૦૬ કિમી સુધી ફેલાયેલો વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (WDFC) હવે અમદાવાદના સાબરમતી ખાતેના અત્યાધુનિક ઓપરેશનલ કંટ્રોલ સેન્ટર (OCC) દ્વારા સંચાલિત અને મોનિટર કરવામાં આવે છે. આ ફેસિલિટી સમગ્ર પશ્ચિમ રૂટ માટે ઓપરેશનલ નર્વ સેન્ટર તરીકે સેવા આપે છે.

ડીએફસીસીઆઈએલ, અમદાવાદના ચીફ જનરલ મેનેજર મનીષ અવસ્થીએ જણાવ્યું હતું કે, ''અમદાવાદ ખાતેનું ઓપરેશન્સ કમાન્ડ સેન્ટર વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરની હાર્ટબીટ છે. અહીંથી, અમે ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે લાંબી અને ઝડપી ટ્રેનોની અવરજવરનું સંચાલન કરીએ છીએ, ડબલ-સ્ટેક કન્ટેનર ઓપરેશન્સનું સંચાલન કરીએ છીએ અને ભારતના સૌથી વ્યસ્ત બંદરોને તેના ઔદ્યોગિક કેન્દ્રો સાથે જોડવામાં મહત્તમ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરીએ છીએ.'' વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર નું લેટેસ્ટ માઈલસ્ટોન એ ન્યૂ સાણંદ કનેક્ટિવિટીનું કાર્યરત થવું છે. આ કનેક્ટિવિટી એક એન્જિનિયરિંગ અજાયબી અને વ્યૂહાત્મક જોડાણ છે, જેમાં ભારતના પ્રથમ મોટા પાયાના રેલ-ઓવર-રેલ ફ્લાયઓવરનો સમાવેશ થાય છે, જે દેશના ચારેય ખૂણાઓ વચ્ચે સીમલેસ ફ્રેઈટ હેરફેર શક્ય બનાવે છે.

રીગાલ રિસોર્સિસ લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર મંગળવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ખૂલશે

અમદાવાદ,

રીગાલ રિસોર્સિસ લિમિટેડે તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂ. ૫/- પ્રતિની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શૅરની શૅર દીઠ રૂ. ૯૬/- થી રૂ. ૧૦૨/- ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર મંગળવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખૂલશે અને ગુરુવાર, ૧૪ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૪૪ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૪૪ ઈક્વિટી શેરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે.

આ આઈપીઓ રૂ. ૨૧૦ કરોડ સુધીના નવા ઈશ્યૂ અને પ્રમોટર્સ અને પ્રમોટર જૂથ વેચાણ શેરધારકો દ્વારા ૯૪,૧૨,૦૦૦ ઈક્વિટી શેર સુધીના વેચાણ માટે ઓફરનું મિશ્રણ છે.

કંપની દ્વારા મેળવેલા ચોક્કસ ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી અને/અથવા પૂર્વ-ચુકવણી માટે રૂ. ૧૫૯ કરોડ સુધીની નવી ઈશ્યૂમાંથી મળેલી રકમમાંથી ઉપયોગમાં લેશે.

કોલકત્તામાં મુખ્ય મથક ધરાવતું રીગાલ રિસોર્સિસ ભારતમાં મકાઈ આધારિત વિશેષ ઉત્પાદનોના સૌથી મોટા ઉત્પાદકોમાંનું એક છે. F&S રિપોર્ટ અનુસાર ક્રશિંગ ક્ષમતાની દ્રષ્ટિએ, જેની કુલ સ્થાપિત ક્રશિંગ ક્ષમતા ૭૫૦ ટન પ્રતિ દિવસ છે,

તે મૂળ મકાઈના સ્ટાર્ચ અને સંશોધિત સ્ટાર્ચનું ઉત્પાદન કરે છે - એક છોડ આધારિત કુદરતી સ્ટાર્ચ જે મકાઈમાંથી ઉત્પન્ન થાય છે; સહ-ઉત્પાદનો - ગ્લુટેન, જર્મ, સમૃદ્ધ ફાઈબર અને ફાઈબરનો સમાવેશ થાય છે અને મૂલ્યવર્ધિત ઉત્પાદનોમાં મકાઈનો લોટ, આઈસિંગ સુગર, કસ્ટર્ડ પાવડર અને બેકિંગ પાવડર જેવા ફૂડ ગ્રેડ સ્ટાર્ચનો સમાવેશ થાય છે.

વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

નામ બદલેલ છે

મેં મારું નામ **ઘાંચી અહેમદ હુસેન કાસમભાઈ** હતું, જે બદલીને **અહેમદહુસેન કાસમભાઈ ઘાંચી** કરેલ છે.

સરનામું : એ-૧૪૬, ઘાંચીવાસ, મસ્જીદ પાસે, કડી તા.કડી, જી.મહેસાણા-૩૮૨૭૧૫

1880

TENDER NOTICE

Design, Supply, Installation, Commissioning & Trail Run For 80 Kld High Tds Evaporation System And 250 KLD RO System include all Required Civil Work at Plot No 35-1, GIDC Estate, Kalol, Dist: Gandhinagar , Gujarat under Upgradation and Modernization of their existing 250 KLD CETP project.

Tender Ref No: KGIACETP/ZLD/July/002 Date: 30-07-2025

Kalol GIDC Industries Association (CETP) . invites sealed bids from reputed contractors for Design, Supply, Installation, Commissioning & Trail Run For 80 Kld High Tds Evaporation System And 250 KLD RO System include all Required Civil Structure at Plot No 35-1, GIDC Estate, Kalol, Dist: Gandhinagar , Gujarat under Upgradation and Modernization of their existing 250 KLD CETP project.

- The tender notice along with detailed terms and conditions is available at the registered office of the Association located at Plot No 39-40, GIDC Estere, Kalol, Dist: Gandhinagar. And can be shared via email by submitting the written or Emailed request to its official email address kalolcetp@gmail.com starting fro 05-08-2025 to 20-08-2025 up to 17.00pm free of cost.
- Interested bidder's full-filling Eligibility Criteria are requested to get the tender document & submit it on or before 20-08-2025, up to 17.00 PM at the above address.

TENDER NOTICE

Upgradation and Modernization of Existing 250 KLD CETP.

Tender Ref No: KGIACETP/ZLD/July/001 Date: 30-07-2025

Kalol GIDC Industries Association (CETP). invites sealed bids from reputed contractors for Upgradation and Modernization of their 250 KLD CETP located at 39-40, Kalol GIDC, Kalol, Dist Gandhinagar, Gujarat.

- The tender notice along with detailed terms and conditions is available at the registered office of the Association located at Plot No 39-40, GIDC Estere, Kalol, Dist: Gandhinagar. And can be shared via email by submitting the written or Emailed request to its official email address kalolcetp@gmail.com starting fro 05-08-2025 to 20-08-2025 up to 17.00pm free of cost.
- Interested bidder's full-filling Eligibility Criteria are requested to get the tender document & submit it on or before 20-08-2025, up to 17.00 PM at the above address.

પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

ટેન્ડર નંબર - DRM-SnT-ADI- ટેલિ૦૬ ૨૫-૨૬ વિવિધ પ્રકારના મક્સ કાર્ડનો વાર્ષિક સમારકામ કરાર માટે આમંત્રિત કરે છે

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે DRM/S અને ટેકિંટગ ટેન્ડર નંબર DRM-SnT-ADI- Tele06 25-26 ની અંતિમ તારીખ ૦૪.૦૯.૨૦૨૫, ૧૫:૦૦ બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે.

કામનું નામઃ ADI વિભાગમાં ૩ વર્ષ માટે વિવિધ પ્રકારના MUX કાર્ડ્સ (વેબફિલ/પનકોમ) અને STM -1/STM-4 (તેજસ) કાર્ડ્સનો વાર્ષિક સમારકામ કરાર.

કામનો અંદાજિત ખર્ચઃ રૂ. ૪૯૯૬૯૮૮.૦૦/- (માત્ર ઓગણ પચ્ચાસ લાખ છન્નુ હજાર નવસો ઈઠ્ઠાસી રૂપિયા)

અર્નેસ્ટ મની ડિપોઝિટઃ રૂ. ૯૯૯૦૦.૦૦/- (માત્ર નવ્વાણુ હજાર નવસો રૂપિયા)

બંધ થવાની તારીખ અને સમયઃ ૦૪.૦૯.૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી જ.

ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૦૪.૦૯.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ કલાકે ખુલશે.

ઈ-ટેન્ડરિંગની વેબસાઈટઃ **www.ireps.gov.in** ADI 129

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ

CIN: L29120GJ1990PLC014385

રજી. ઓફિસ : A-53/54, **પરીસીમા કોમ્પલેક્ષ, સી. જી. રોડ, એલીસબ્રીજ, અમદાવાદ**-380006.

ફોન : +91- 9925018030. **ઈ-મેલઃ** investor@galaxybearings.com • **વેબસાઈટઃ** www.galaxybearings.com

૩૦ જૂન, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલાં ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામોનો સારાંશ

(શેર દીઠ માહિતી સિવાય, રૂ. લાખમાં)

નં.	વિગત	સ્ટેન્ડઅલોન			
		ત્રિમાસિક ગાળા			વાર્ષિક ગાળા
		અનઓડિટેડ			ઓડિટેડ
		૩૦.૦૬.૨૦૨૫	૩૧.૦૩.૨૦૨૫	૩૦.૦૬.૨૦૨૪	૩૧.૦૩.૨૦૨૫
૧	આવક કામગીરીમાંથી	૧૬૮૮.૫૪	૨૯૯૫.૧૫	૨૨૭૫.૨૭	૧૦૪૨૧.૮૬
૨	ચોખ્ખો નફો / (નુકસાન) સમયગાળા માટે (કર પહેલાં, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ)	૩૪૭.૨૧	૫૬૧.૮૨	૪૬૦.૯૭	૧૮૫૨.૫૦
૩	ચોખ્ખો નફો / (નુકસાન) કર પહેલાંના સમયગાળા માટે (અપવાદરૂપ અને / અથવા વધારાની સામાન્ય વસ્તુઓ પછી)	૩૪૭.૨૧	૫૬૧.૮૨	૪૬૦.૯૭	૧૮૫૨.૫૦
૪	ચોખ્ખો નફો / (નુકસાન) કર પછીના સમયગાળા માટે (અપવાદરૂપ અને / અથવા વધારાની સામાન્ય વસ્તુઓ પછી)	૨૫૯.૨૧	૪૧૩.૭૧	૩૩૨.૩૯	૧૩૭૧.૧૫
૫	કુલ વ્યાપક આવક/(નુકસાન) સમયગાળા માટે	૨૫૪.૯૮	૪૦૨.૬૧	૩૩૦.૪૫	૧૩૫૪.૨૨
૬	ઈક્વીટી શેર કેપીટલ	૩૧૮.૦૦	૩૧૮.૦૦	૩૧૮.૦૦	૩૧૮.૦૦
૭	શેર દીઠ આવક (શેર દીઠ રૂ. દસ)				
	(એ) બેઝિક :	૮.૧૫	૧૩.૦૧	૧૦.૪૫	૪૩.૧૨
	(બી) ડાઈલ્યુટેડ :	૮.૧૫	૧૩.૦૧	૧૦.૪૫	૪૩.૧૨

નોંધ:

૧. ૩૦ જૂન, ૨૦૨૫ના રોજ પૂરા થયેલ ત્રિમાસિક ગાળા માટે કંપનીના ઉપરોક્ત અનઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામોની સમીક્ષા ઓડિટ કમિટી દ્વારા કરવામાં આવી છે અને શુક્રવાર, ૮ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. સ્ટેચ્યુટરી ઓડિટર્સે ૩૦ જૂન, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામો માટે "મર્યાદિત સમીક્ષા અહેવાલ" તૈયાર કર્યો છે.

૨. આ નાણાંકીય પરિણામો કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૩૩ હેઠળ નિર્ધારિત ભારતીય એકાઉન્ટિંગ ધોરણો (Ind AS) અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે, જે સમયાંતરે સુધારેલા કંપનીઓ (ભારતીય એકાઉન્ટિંગ ધોરણો) નિયમો ૨૦૧૫ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવે છે અને ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત અન્ય એકાઉન્ટિંગ સિદ્ધાંતો અને SEBI (લિસ્ટિંગ જવાબદારીઓ અને ડિસ્ક્લોઝર આવશ્યકતાઓ), નિયમનો, ૨૦૧૫ ના નિયમ ૩૩ ના સંદર્ભમાં તૈયાર કરવામાં આવ્યા છે.

૩. IND-AS 108 "ઓપરેટિંગ સેગમેન્ટ્સ" માં વ્યાખ્યાયિત સેગમેન્ટ રિપોર્ટિંગ અને મેનેજમેન્ટના મતે કંપની મુખ્યત્વે બોલ અને રોલર બેરિંગ્સના વ્યવસાયમાં રોકાયેલી છે. અન્ય બધી પ્રવૃત્તિઓ મુખ્ય વ્યવસાયની આસપાસ ફરે છે અને તેથી કોઈ અલગ રિપોર્ટેબલ બિઝનેસ સેગમેન્ટ નથી.

૪. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ, OFAC એ કંપનીને E.O. ૧૪૦૨૪ હેઠળ રશિયામાં ઉચ્ચ પ્રાથમિકતા ધરાવતા દ્વિ-ઉપયોગના સાધનો (એટલે કે, "સામાન્ય ઉચ્ચ પ્રાથમિકતા વસ્તુઓની સૂચિ" અથવા "CHPIL" પરના માલ) નિકાસ કરવા માટે મંજૂરી આપી, આ હોદ્દાના પરિણામે ગેલેક્સી બેરિંગ લિમિટેડને વિદેશી સંપત્તિ નિયંત્રણ કાર્યાલય (OFAC) ની ખાસ નિયુક્ત નાગરિકો અને અવરોધિત વ્યક્તિઓની સૂચિ ("SDN ,List") પર મૂકવામાં આવી. OFAC એ ઉલ્લેખ કર્યો કે કંપનીએ OFAC ની SDN સૂચિમાં દેખાતી કોઈપણ વ્યક્તિ અથવા એન્ટિટી દ્વારા, તેમને અથવા તેમના લાભ માટે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, ભંડોળ, માલ, ટેકનોલોજી અથવા સેવાઓનું યોગદાન આપ્યું છે અથવા પ્રદાન કર્યું છે.

કંપનીએ પ્રતિબંધો વિશે જાણ થતાં તાત્કાલિક પગલાં લીધાં અને સંદર્ભ દ્વારા સ્ટોક એક્સચેન્જને જાણ કરી. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ પ્રકાશિત યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરી દ્વારા કંપનીના નામના સંદર્ભમાં, તારીખ ૬ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ પ્રકાશિત કરાયેલા એક અહેવાલમાં જણાવાયું છે કે કંપની "કોઈપણ રોલર બેરિંગ્સનો ઉપયોગ અથવા પ્રતિબંધિત સંસ્થાઓ અથવા વ્યક્તિઓ સાથે સંકળાયેલા હોવા અંગે સંપૂર્ણપણે અજાણ હતી."

૩૦ ઓક્ટોબર, ૨૦૨૪ થી ૩૧ માર્ચ ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન, OFAC ને મંજૂરી આપવામાં આવી હોવાને કારણે કંપની સત્તાવાર બજારમાં USD અને EURO સુધી પહોંચી શકી ન હતી. કંપનીએ યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્થિત તેના કાનૂની સલાહકાર દ્વારા, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરી, ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ (OFAC) ને અરજી સબમિટ કરી છે, જેમાં સ્પેશિયલી ડેઝિગ્નેટેડ નેશનલ્સ એન્ડ બ્લોકડ પર્સન્સ (SDN) લિસ્ટમાંથી કંપનીના હોદ્દાને ઝડપથી દૂર કરવાની વિનંતી કરવામાં આવી છે.

૫. ૩૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના આંકડા સંપૂર્ણ નાણાકીય વર્ષના સંદર્ભમાં ઓડિટ કરાયેલા આંકડા અને ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળા સુધી પ્રકાશિત વર્ષ-થી-તારીખના આંકડા વચ્ચે સંતુલન ધરાવતા આંકડા છે, તેમજ ત્રીજા ત્રિમાસિક ગાળાના અંતે પરિણામોની ફક્ત સમીક્ષા કરવામાં આવી હતી અને ઓડિટને આધીન નહોતી.

૬. કંપની પાસે કોઈ પેટાકંપની/સહયોગી નથી.

૭. વર્તમાન સમયગાળાના વર્ગીકરણ/જૂથના ખુલાસાને અનુરૂપ, જ્યાં જરૂરી હોય ત્યાં, પાછલા સમયગાળાના આંકડાઓનું પુનઃગઠન/પુનઃવર્ગીકરણ/પુનઃવ્યવસ્થાપન કરવામાં આવ્યું છે. આવા પુનઃગઠનની અસર નાણાકીય નિવેદન પર નોંધપાત્ર નથી.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૮ ઓગસ્ટ, ૨૦૨૫

બોર્ડના આદેશથી
ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ વતી,
ભરતકુમાર કે. ઘોડાસરા
(પૂર્ણકાલિન ડાયરેક્ટર) DIN: 00032054

TYPHOON FINANCIAL SERVICES LIMITED

[CIN: L65923GJ1990PLC014790]

Registered Office: 35, Omkar House, Near Swastik Cross Roads, C.G. Road, Ahmedabad 380 009

UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH JUNE, 2025

The Board of Directors in their meeting held on 8th August, 2025, have approved and taken on record the Unaudited Financial Results for the quarter ended on 30th June, 2025 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.

The aforesaid Unaudited Financial Results for the quarter ended 30th June, 2025 along with Limited Review Report thereon are available on the website of the Company and of BSE Limited at www.bseindia.com and can also be accessed by scanning below Quick Response (QR) Code:

Important Communication for Physical Shareholders

Ease of Doing Investment - Special Window for Re-lodgement of Transfer Requests of Physical Shares - In order to facilitate ease of investing for investors and to secure the rights of investors in the securities which were purchased by them, it has been decided to open a special window only for re-lodgement of transfer deeds, which were lodged prior to the deadline of April 01, 2019 and rejected/returned/not attended due to deficiency in the documents/process/or otherwise, for a period of six months from July 07, 2025 till January 06, 2026. For more information kindly refer SEBI Circular No. SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 dated July 2, 2025.

By Order of the Board
For TYPHOON FINANCIAL SERVICES LIMITED
Sd/-
RISHAB CHHAJER
DIRECTOR
(DIN: 05184646)

Date : : 8th August, 2025
Place : Ahmedabad

GUJARAT CRAFT INDUSTRIES LIMITED

[CIN: L25111GJ1984PLC007130]

Regd. Off.: 431, Santej-Vadsar Road, Santej - 382 721, Tal.: Kalol, Dist.: Gandhinagar (Gujarat)

UNAUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH JUNE, 2025

The Board of Directors in their meeting held on 8th August, 2025, have approved and taken on record the Unaudited Financial Results for the quarter ended on 30th June, 2025 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.

The aforesaid Unaudited Financial Results for the quarter ended 30th June, 2025 along with Limited Review Report thereon are available on the website of the Company at www.gujaratcraft.com and of BSE Limited at www.bseindia.com and can also be accessed by scanning below Quick Response Code:

Important Communication for Physical Shareholders

Ease of Doing Investment - Special Window for Re-lodgement of Transfer Requests of Physical Shares - In order to facilitate ease of investing for investors and to secure the rights of investors in the securities which were purchased by them, it has been decided to open a special window only for re-lodgement of transfer deeds, which were lodged prior to the deadline of April 01, 2019 and rejected/returned/not attended due to deficiency in the documents/process/or otherwise, for a period of six months from July 07, 2025 till January 06, 2026. For more information kindly refer SEBI Circular No. SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 dated July 2, 2025.

By Order of the Board
For GUJARAT CRAFT INDUSTRIES LTD,
RISHAB CHHAJER
CHAIRMAN &
JOINT MANAGING DIRECTOR
(DIN: 05184646)

Date : 8th August, 2025
Place : Ahmedabad

ALFA ICA (INDIA) LIMITED

CIN : L20100GJ1991PLC016763

Regd. Office : Uma Industrial Estate, Vill: Vasna lawa, Tal: Sanand, Dist: Ahmedabad.
Tel: 079-26754030-31 **Fax:** +91-79 26754040
E-mail: info@alfaica.com **Website:** www.alfaica.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/THREE MONTHS ENDED JUNE 30, 2025

(Rs.in lakhs)

Sr. No	Particulars	Quarter Ended 30/06/2025 (Unaudited)	Year Ended 31/03/2025 (Audited)	Quarter Ended 30/06/2024 (Unaudited)
1	Total income from operations (net)	1,979.57	7,943.23	1,951.51
2	Net Profit/(Loss) from ordinary activity after tax	49.72	143.79	42.12
3	Net Profit/ (Loss) for the period (after extraordinary items)	49.72	143.79	42.12
4	Equity Share Capital (Face value of Rs.10/- each)	404.00	404.00	404.00
5	Reserve excluding revaluation reserves as per balance sheet of previous accounting year			
6	Earning Per Share (EPS) (before extraordinary items)(of Rs.10/- each) (not annualized)	1.23	3.56	1.04
7	Earning Per Share (EPS) (after extraordinary items)(of Rs.10/- each)(not annualized)	1.23	3.56	1.04

Notes:

1 The above Financial Results have been reviewed by Audit Committee and have been approved and taken on record by Board of Directors in their respective meetings held on August 08,2025.

2 Figures for the previous periods have been re-grouped/ re-classified where necessary.

3 The above is an extract of the detailed format of the Unaudited Financial Results of the Company for the quarter and three month ended June 30, 2025 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of Unaudited Financial Results of the Company for the quarter and year ended June 30, 2025 are available on BSE Ltd (www.bseindia.com) and on Company's website (www.alfaica.com)

For ALFA ICA (INDIA) LIMITED
Sd/- **RISHI TIKMANI**
WHOLE-TIME DIRECTOR
(DIN: 00638644)

Date : 8/8/2025
Place : AHMEDABAD